















## ગાંધીનગર રેડી ફોર વાયબ્રન્ટ સમિટ-૨૦૧૯

રાજ્ય સરકાર દ્વારા દર બે વર્ષે યોજાતી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની નવમી શૃંખલા માટે વાયબ્રન્ટ ગાંધીનગર પુરે પુરૂ સજ્જ થઈ ગયું છે. મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાનાર વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૯નું ૧૮મી જાન્યુઆરીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી, રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલી, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા દેશ-વિદેશના ડેલીગેટ્સની ઉપસ્થિતિમાં શુભારંભ કરાવશે ત્યારે મહાત્મા મંદિરને અદ્યતન રોશનીથી સજાવટ કરાઈ છે. ઉપરાંત દાંડી કુટિર ખાતે પણ મીઠાના ઢગલા પર થ્રીડી પ્રોજેક્શન લેઝર શોનું ઉદ્ઘાટન પણ વડાપ્રધાનશ્રી કરશે. તેને પણ અદ્યતન રોશનીથી શણગારવામાં આવ્યું છે. ઉપરાંત ગાંધીનગરના રાજમાર્ગો, વિધાનસભા ભવન સહિત સરકારી ઈમારતો, સર્કલો તથા અન્ય સ્થળોને પણ રોશનીથી શણગારવામાં આવ્યા છે.

## આજે બોર્ડ-નિગમના કર્મચારીઓ કાળી પટ્ટી અને કાળા બલુન ઉડાડી વિરોધ નોંધાવશે

ગાંધીનગર, તા.૧૬

બોર્ડ-નિગમ અને સરકારી સાહસોના કર્મચારીઓના કેટલાક પ્રશ્નો છેલ્લા ઘણા સમયથી પડતર છે. જયારે કેટલાક બોર્ડ નિગમને ૭ મું પગારપંચ આપવામાં આવ્યું છે પરંતુ એરીયર્સની રકમ ચુકવાઈ નથી. જેને પગલે કર્મચારીઓમાં રોષની લાગણી ફેલાઈ છે. કર્મચારીઓની પડતર માંગણીઓનો સ્વીકાર કરવામાં નહીં આવતા બોર્ડ-નિગમ સરકારી સાહસોના કર્મચારી મહામંડળ દ્વારા તા. ૧૭ જાન્યુઆરીને શુક્રવારના રોજ બપોરે ૨ કલાકે સે-૧૧ ઉદ્યોગ ભવન ખાતે કાળી પટ્ટી ધારણ કરીને અને કાળા બલુન ઉડાડી વિરોધ પ્રદર્શિત કરશે.

બોર્ડ-નિગમના કર્મચારીઓને સાતમાં પગાર ધોરણના તફાવતના નાણાની તાત્કાલીક અસરથી ચુકવણી કરવામાં આવે. અને બાકી બોર્ડ નિગમના તમામ કર્મચારીઓને સાતમા પગાર ધોરણના લાભ આપવામાં આવે, બોર્ડ નિગમ નગરપાલિકાઓના કર્મચારીઓને રાજય સરકારના કર્મચારીઓ ગણી રાજયના સરકારના કર્મચારીઓને મળતા લાભ આપવામાં આવે, બોર્ડ નિગમના કર્મચારીઓની જુની પેન્શન યોજના શરુ કરવામાં આવે, નિવૃતિ વય ૬૦ કરવી,

● અનુસંધાન પાના - ૭ પર




વાઈબ્રન્ટ સમિટના ભાગરૂપે પ્રવાસન વિભાગના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડે પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ સોમનાથના શિવલીંગની પ્રતિકૃતિ હવા ભરેલા બલુન દ્વારા મુકાઈ છે. જય દ્વારકાધીશનો હવા ભરેલું બલુન સચિવાલયની સામે ઊભું કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શક્તિપીઠ આરાધાસૂર અંબાજીના પ્રતિકાત્મક શક્તિ કુંભને પણ રજૂ કરાયું છે. શહેરમાં ત્રણે યાત્રાધામોના બલુને ભારે આકર્ષણ જમાવ્યું છે. ગુજરાતમાં પ્રવાસ પ્રવૃત્તિને વેગ મળે તથા ગુજરાતને વિદેશી પ્રવાસીઓ દ્વારા વધુ હુંડિયામણ મળે તેવા ઘનિષ્ઠ પ્રયાસો વાયબ્રન્ટ સમિટ દરમિયાન કરાઈ રહ્યા છે.

## જીએમઈઆરએસના નર્સિંગ સ્ટાફના કર્મચારીઓ પડતર માંગણીને લઈ આંદોલનના માર્ગે

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા ૧૮૦૦ થી વધુ નર્સિંગ સ્ટાફના કર્મચારીઓને છેલ્લા ઘણા સમયથી ૭મું પગાર પંચ આપવામાં આવ્યું નથી તેમજ પ્રમોશન પણ આપવામાં આવ્યા નથી. જેને પગલે જીએમઈઆરએસના નર્સિંગ સ્ટાફના કર્મચારી ભાઈ બહેનો દ્વારા આજરોજ સિવિલ હોસ્પિટલમાં ૩૦૦ થી વધુ સ્ટાફના કર્મચારીઓએ રંગીન કપડા ઉપર વ્હાઈટ એપ્રન પહેરી વિરોધ નોંધાવી પોતાની કામગીરી શરુ રાખી હતી. આજે રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા સ્ટાફના કર્મચારીઓએ રજુઆત કરી હતી.જયારે સરકાર દ્વારા ટુંક સમયમાં હકારાત્મક નિર્ણય નહીં કરવામાં આવે તો જીએમઈઆરએસ નર્સિંગ સ્ટાફ મંડળ દ્વારા પ્રતિક ઉપવાસ, રામધુન, સામુહીક માસ સીએલ અને ભુખ હડતાલનું શસ્ત્ર ઉગામશે.

પ્રાપ્ત માહીતી મુજબ જીએમઈઆરએસ સંચાલિત મેડીકલ કોલેજમાં ૧૮૦૦ જેટલા કર્મચારીઓ નર્સિંગ સ્ટાફ દ્વારા ભરતી કરાયો છે. આ કર્મચારીઓને આરોગ્ય વિભાગની નર્સિંગ કર્મચારીને મળતા લાભ મળતા

● અનુસંધાન પાના - ૭ પર

सत्यमेव जयते
Government of Gujarat

Vibrant GUJARAT 2019
GLOBAL TRADE SHOW



ઉદ્દ્ઘાટક
શ્રી નરેન્દ્ર મોદી
વડાપ્રધાન, ભારત
૧૭ જાન્યુઆરી ૨૦૧૯, બપોરે ૨:૩૦ કલાકથી



નરેન્દ્ર મોદી
વડાપ્રધાન, ભારત

વાઈબ્રન્ટ ગુજરાત
ગ્લોબલ ટ્રેડ શો 2019

વિજય રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

સ્થળ : પ્રદર્શન કેન્દ્ર, મહાત્મા મંદિર પાસે, ગાંધીનગર, ગુજરાત

ભારતનો સૌથી મોટો પ્રદર્શન વિસ્તાર 2,00,000 ચો.મી.

બિઝનેસ પ્લેટફોર્મ જે આવરે છે 25 કરતાં વધુ ક્ષેત્રોને

બાયર સેલર મીટ

રિવર્સ બાયર સેલર મીટ

વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ

"અસીમ અવસરોની ભૂમિ ગુજરાતમાં સર્વે મહાનુભાવો, રોકાણકારો અને પ્રતિનિધિઓનું ઉષ્માભર્યું સ્વાગત છે."
નીતિનભાઈ પટેલ
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

પ્રદર્શનનો સમય : સવારના ૧૦:૦૦ થી સાંજના ૬:૦૦

| | |
|---|---|
| ૧૮ થી ૨૦ જાન્યુઆરી | મહાનુભાવો અને આમંત્રિતો |
| ૧૯ અને ૨૦ જાન્યુઆરી | બાયર-સેલર મીટ, રિવર્સ બાયર-સેલર મીટ અને વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ |
| ૨૦ (બીજા સત્રમાં) થી ૨૨ જાન્યુઆરી | જનરલ વિઝીટર્સ - જાહેર જનતા માટે ખુલ્લો |
| ગ્લોબલ ટ્રેડ શોમાં મીડિયા અને પ્રેસ માટે દરરોજ માન્ય ફોટો આઈડી કાર્ડથી પ્રવેશ | |

PARTNER COUNTRIES
Australia, Canada, Czech Republic, Denmark, France, Japan, Morocco, Norway, Poland, South Africa, Republic of Korea, Thailand, The Netherlands, UAE, Uzbekistan

Sprint 2022 | Ahmedabad Shopping Festival | VG Africa Day Celebration

National Partner: FICCI, CII Confederation of Indian Industry
State Partner: GCCI
Knowledge Partner: KPMG
iNDEXTb INDUSTRIAL EXTENSION BUREAU (A GOVT. OF GUJARAT ORGANISATION) ISO 9001 : 2015 Certified
Exhibition Partner: K AND D COMMUNICATION LIMITED

જોતા રહો અમને : twitter.com/vibrantgujarat facebook.com/vibrantgujarat